RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 110, Dt.18-07-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ‘૧૦૦ લાવો, સરકાર બનાવો’ યુપી ભાજપમાં ખટરાગ વચ્ચે અખિલેશની ઓફર




## લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશ ભાજપમાં હલચલ મચી છેઃ સપાના પ્રમુખ અખિલેશ યાદવની મોન્સુન ઓફરને લઈ યુપીનું રાજકારણ ગરમાયું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પરિણામ જાહેર થયા બાદ ઉત્તર પ્રદેશ ભાજપમાં હલચલ મચી ગઈ છે. પાર્ટીમાં સતત બેઠકો થઈ રહી છે. રાજ્યના અનેક નેતાઓ નારાજ હોવાનું સામે આવી રહ્યું છે. નારાજ નેતાઓ ખુલીને નિવેદન આપી રહ્યા છે. આ વચ્ચે સપા પ્રમુખ અખિલેશ યાદવે મોટું નિવેદન આપ્યું છે. તેમણે ઙ પર પોસ્ટ કરી કે મોનસૂન ઓફર. સો લાઓ, સરકાર બનાવો. અખિલેશ યાદવે પોતાની પોસ્ટમાં કોઈ નેતાનું નામ નથી લીધું. પરંતુ એવું માનવામાં આવી રહ્યું છે કે, આ ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય માટે છે.

યુપી ભાજપમાં મચેલા ઘમાસાણ પર અખિલેશ યાદવ આ પહેલા પર નિવેદન આપી ચૂક્યા છે. તેમણે બુધવારે કહ્યું હતું કે, સરકાર પરસ્પર લડી રહી છે. લખનઉ વાળી સરકાર નબળી પડી છે. ભાજપમાં ખુરશીની લડાઈમાં જનતા પરેશાન થઈ રહી છે. અખિલેશના પ્રહાર પર કેશવ પ્રસાદ મૌર્યએ પલટવાર કર્યો હતો. તેમણે કહ્યું કે, અખિલેશ યાદવ ભાજપની દેશ અને રાજ્ય બંને જગ્યાએ મજબૂત સંગઠન અને સરકાર છે. યુપીમાં સપાના ગુંડારાજની વાપસી અસંભવ છે. ભાજપ ૨૦૨૭ વિધાનસભા ચૂંટણીમાં ૨૦૧૭નું પુનરાવર્તન કરશે.

અખિલેશ યાદવ પહેલા પણ કેશવ પ્રસાદ મૌર્યને ઓફર આપી ચૂક્યા છે. એક ઈન્ટરવ્યૂમાં તેમણે કહ્યું હતું કે, કેશવ પ્રસાદ મૌર્ય ખૂબ જ નબળા માણસ છે. તેમણે ઈખ બનવાનું સપનું જોયુ હતું. તેઓ આજે પણ ૧૦૦ ધારાસભ્ય લઈ આવે. જો તેમનામાં હિંમત હોય તો ધારાસભ્ય લઈ આવો. તેમણે એક વખત જણાવ્યું હતું કે, તેમની પાસે ૧૦૦ ધારાસભ્ય છે. તેઓ આજે પણ ધારાસભ્ય લઈ આવે તો સમાજવાદી પાર્ટી તેમનું સમર્થન કરશે.

અખિલેશ યાદવે કહ્યું હતું કે, તેમનું સીએમ બનવાનું સપનું છે. તેમને સ્ટૂલ પર બેસાડી દેવામાં આવ્યા. તેમની નામ પ્લેટ હટાવી દેવામાં આવી. તેમની સાથે શું-શું થયું? તેમ છતાં તેઓ ભાજપની સાથે છે. જે તેમનું સીએમ બનવાનું સપનું છે તો ભાજપનો સાથ છોડી બહાર આવી જાઓ.

લોકસભા ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં ભાજપનું પ્રદર્શન ખરાબ રહ્યું છે. ભાજપ માત્ર ૩૩ બેઠકો પર જ જીત હાંસલ કરી શકી છે. બીજી તરફ સપાના ખાતામાં ૩૭ બેઠકો આવી છે. ભાજપનું પ્રદર્શન કેમ ખરાબ રહ્યું તે અંગે પાર્ટીમાં સતત ચર્ચા ચાલી રહી છે. સતત બેઠકો ચાલી રહી છે. કેશવ પ્રસાદ મૌર્યએ દિલ્હીમાં ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા સાથે મુલાકાત કરી છે.

# સૌરાષ્ટ્ર-ગુજરાતને ધમરોળ્યા બાદ મેઘરાજાનો વિરામ

## મોટાભાગના સ્થળોએ ધુપછાંવ વચ્ચે માત્ર હળવાથી મધ્યમ વરસાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતને ધમરોળી નાંખ્યા બાદ ગઈકાલથી મેઘરાજાએ વિરામ લીધો છે અને મોટાભાગનાં સ્થળોએ ધુપછાંવ વચ્ચે માત્ર હળવાથી મધ્યમ વરસાદ પડવા પામ્યો હતો. જો કે આજે સવારે જુનાગઢમાં ફરી મેઘરાજાએ એન્ટ્રી કરી હતી.

ગઈકાલે કચ્છનાં લખપતમાં ૧, ગીર સોમનાથનાં તાલાલામાં ૦.૫, રાજકોટનાં કોટડાસાંગાણીમાં ૦.૫, વલસાડ અને નડિયાદમાં ૦.૫-૦.૫ ઈંચ, જયારે, જુનાગઢનાં કેશોદમાં ૦.૫ ઈંચ, મોરબીનાં હળવદ, ભરૂચનાં વાગરા, અમદાવાદનાં માંડલ, જુનાગઢનાં માળીયાહાટીના તથા મેંદરડામાં પણ ૦.૫ ઈંચ વરસાદ વરસી ગયો હતો.

ઉપરાંત રાજકોટ શહેરમાં ગઈકાલે માત્ર છુટાછવાયા ઝાપટા જ વરસ્યા હતા.

જયારે ગઈકાલે તડકા સાથે સોરઠ જીલ્લામાં લગભગ વિરામ લીધા બાદ આજે સવારે ૯-૨૬ કલાકે જુનાગઢમાં મેઘરાજાએ સાંબેલાધારે સટાસટી બોલાવી રોડ રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યા છે. નીચાણવાળા વિસ્તારો ગરનાળાઓમાં પાણી ભરાઈ જવા પામ્યા છે.



એક કલાકથી સતત વરસાદ એકધારો વરસી રહ્યો છે. સવારના ૧૦ સુધીમાં જીલ્લામાં અન્યત્ર વરસાદ નોંધાયો નથી માત્ર જુનાગઢમાં બારે મેઘ ખાંગા હોય તેમ એક કલાકથી વરસાદ અવિરત વરસી રહ્યો છે.

દ્વારકા જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યો છે. ત્યારે ગરમી અને ઉકળાટ જોતા વધુ વરસાદ વરસે તો પણ નવાઈ નહીં. આજે સવાર સુધીમાં ખંભાળિયા તાલુકામાં કુલ ૩૧ ઈંચ સાથે જિલ્લામાં કુલ સરેરાશ વરસાદ ૨૦ ઈંચ પડી ચૂક્યો છે.

# ચાંદીપુરા વાયરસનો કહેરઃ રાજકોટમાં ત્રણ સહિત ચાર બાળકોના મોત

## ખતરનાક વાયરસનો પુરા રાજ્યમાં ફફડાટઃ મહાનગરોની હોસ્પિટલોમાં રાજ્યભરમાં આવી રહ્યા છે બાળ દર્દીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યભરમાં ચાંદીપુરા વાઈરસથી સંક્રમિત દર્દીઓના કેસમાં દિવસેને દિવસે ઉછાળો આવી રહ્યો છે. આજે રાજકોટમાં ૩ અને પંચમહાલ જિલ્લામાં ૧ બાળકનું મોત થતા રાજ્યભરમાં ચાંદીપુરા વાઈરસના કુલ કેસની સંખ્યા વધીને ૩૧ થઈ છે. મૃત્યુઆંક વધીને ૧૯ થયો છે. અત્યાર સુધી આ વાઈરસની અસર ગ્રામીણ વિસ્તારમાં જોવા મળતી હતી પણ હવે અમદાવાદ જેવા મોટા શહેરોમાં પણ જોવા મળી રહી છે.




રાજકોટમાં જ ૫ શંકાસ્પદ દર્દીના મોત થઈ ગયા છે. જેમાં મોરબીના રાશિ પ્રદીપ સાહરીયાને ૧૨ જુલાઈએ રાજકોટ સિવિલમાં દાખલ કરવામાં આવી હતી. જેનું ૧૪ જુલાઈએ મોત થઈ ગયું છે. પડધરીના હડમતીયાનો ૨ વર્ષીય પ્રદીપ ગોવિંદભાઈ રાઠોડને ૯ જુલાઈએ દાખલ કરવામાં આવ્યો હતો અને તેનું ૧૫ જુલાઈએ મોત થઈ ગયું છે. જેતપુરના પેઢીયા ગામનો ૮ વર્ષના કાળુ ચંપુલાલને ૧૫ જુલાઈએ દાખલ કરવામાં આવ્યો અને તેનું એ જ દિવસે મોત થઈ ગયું હતું. તેમજ મધ્યપ્રદેશના ૧૩ વર્ષીય સુજાકુમાર ધનકને ૧૬ જુલાઈ દાખલ કરવામાં આવ્યો અને તેનું એ જ દિવસે મોત થઈ ગયું હતું. જ્યારે ૩ વર્ષીય રિતિક રાજારામ મુખીયા ૧૪-૭-૨૦૨૪ના રોજ દાખલ થયો હતો અને ૧૭ જુલાઈના રોજ તેનું મોત થઈ ગયું હતું.

તેમજ ગત ૬ જુલાઈના રોજ પંચમહાલના ઘોઘંબાના લાલપુરી ગામે ૯ વર્ષીય કિશોરી મોતને ભેટી હતી. આ બાળકીનું ચાંદીપુરા વાઈરસને લઈને મોત થયું હતું. ત્યાર બાદ ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે કિશોરીનું શંકાસ્પદ ચાંદીપુરાના કારણે મોત થયું હતું તેના ઘરેથી બે સેન્ડ ફ્લાય માખી મળી આવી છે.

જિલ્લા આરોગ્ય અધિકારી મહેશ ચૌધરીએ દિવ્યભાસ્કર સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, પંચમહાલના ઘોંઘબા તાલુકાના લાલપુરી ગામે ૯ વર્ષીય કિશોરીની અચાનક તબિયત લથડતા તાત્કાલિક વડોદરા ખાતે પારુલ હોસ્પિટલમાં ૦૪/૦૭/૨૦૨૪ના રોજ દાખલ કરવામાં આવી હતી. જ્યાં બે દિવસની સારવાર બાદ કિશોરીનું ૦૬/૦૭/૨૦૨૪ના રોજ શંકાસ્પદ ચાંદીપુરા વાઈરસના કારણે મોત થયું હતું.

ઘોઘંબા તાલુકાના લાલપુરી ગામે કિશોરીના શંકાસ્પદ ચાંદીપુરમ વાઈરસને લઈને મોત થયા બાદ જિલ્લા આરોગ્ય વિભાગની સર્વેલન્સની ટીમ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ જેટલી સેન્ડ ફ્લાયના નમુનાઓ લેવામાં આવ્યા છે. જેને લઈને ઘોઘંબા તાલુકામાં લાલપુરી ગામે આખા વિસ્તારને સર્વેલન્સ કરવામાં આવ્યો છે.

આ કોઈ નવો વાઈરસ નથી. એનો પહેલો કેસ ૧૯૬૫માં મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના ચાંદીપુરમાં સામે આવ્યો હતો. મૂળ મહારાષ્ટ્ર, ગુજરાત અને આંધ્રપ્રદેશના કેટલાક વિસ્તાર આ વાઈરસથી પ્રભાવિત છે. આ એક આરએનએ વાઈરસ છે. એના સંક્રમણથી દર્દી મગજનો તાવ (એન્સેફ્લાઇટિસ)નો શિકાર થઈ જાય છે. એ મચ્છરો અને માખી જેવા રોગવાહકોના કરડવાથી ફેલાય છે.

ચાંદીપુરા વાઈરસ બાળકોને શિકાર બનાવે છે. એ મુખ્ય રીતે ૯ મહિનાથી ૧૪ વર્ષ સુધીનાં બાળકોને પ્રભાવિત કરે છે. માખી કે મચ્છરના કરડવાથી સલાઇવાથી બ્લડમાં વાઈરસ પહોંચતાં એનું સંક્રમણ ફેલાય છે.

પૂણેમાં ૧૯૫૨માં સ્થપાયેલા રોકફેલર ફાઉન્ડેશનના વાઇરસ રિસર્ચ સેન્ટરના પી.એન. ભટ્ટ અને એફ.એમ. રોડ્રિજ્યસ નામના વૈજ્ઞાનિકોએ ૧૯૬૬માં ચાંદીપુરા વાઇરસ હોવાનું પુરવાર કર્યું હતું. ગુજરાતમાં સૌથી પહેલા વર્ષ ૨૦૦૪માં આ વાઇરસ ફાટી નીકળ્યો હતો. ત્યાર બાદ ૨૦૧૦માં પણ ચાંદીપુરા વાઇરસના ૨૯ જેટલા કેસ નોંધાયા હતા અને ૧૭ બાળકને ભરખી ગયો હતો.

જ્યારે વર્ષ ૨૦૧૯માં વડોદરાના ભાયલીમાં ૫ વર્ષની બાળકીનું મોત થયું હતું. વર્ષ ૨૦૧૦માં પણ આ વાઇરસ મધ્ય ગુજરાતના ખેડા, વડોદરા અને પંચમહાલમાં જોવા મળ્યો હતો અને આ વખતે પણ મધ્ય ગુજરાતમાં હાહાકાર મચાવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે ચાંદીપુરા વાઇરસનો પહેલો કેસ વર્ષ ૧૯૬૫માં મહારાષ્ટ્રના ચાંદીપુરા જિલ્લામાં નોંધાયો હતો. ત્યાર બાદ આંધ્રપ્રદેશ અને ગુજરાત સહિતના અન્ય રાજ્યોમાં પણ આ રોગના દર્દીઓ નોંધાયા હતા. ગુજરાતમાં દર વર્ષે આ વાઇરસના કેસ જોવા મળે છે.

# મેયરના અપમાન મુદ્દે માર્શલ દ્વારા કોંગ્રેસના નગરસેવકોને જનરલ બોર્ડ માંથી બહાર તગેડાયા

## અગ્નિકાંડના મુદ્દે મનપાની સામાન્ય સભા તોફાની બની : પ્રજાના પ્રાણ પ્રશ્નો તેમજ અગ્નિકાંડની ચર્ચા કરવાને બદલે શાસક પક્ષના સભ્યોએ ગ્રાંટના વાહીયાત પ્રશ્ને એક કલાકનો સમય બરબાદ કર્યોઃ ભાજપ દ્વારા લોકશાહીનું ખુન કરવામાં આવ્યું છે, લાકશાહીમાં પ્રજાના પ્રશ્ને દરેકને બોલવાનો અધિકારઃ વશરામ સાગઠીયા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોક્સભા ચૂંટણીની આચારસંહિતા બાદ આજે પ્રથમવાર રાજકોટ મહાનગરપાલિકાનું જનરલ બોર્ડ મેયરની અધ્યક્ષતામાં મળ્યું હતું. પ્રારંભીક ચર્ચા બાદ વશરામ સાગઠીયા સહિતના વિપક્ષી નગરસેવકોએ શહેરમાં બનેલા અગ્નિકાંડ મુદ્દે ચર્ચા કરવાનું કહેતા બોર્ડ ગરમાયું હતું. પૂર્વ વિપક્ષના નેતા વશરામભાઈ સાગઠીયાએ એક તબક્કે મેયરને એકનેએક વાત વધુવાર ન કહેવાનું જણાવતા શાસક પક્ષના સદસ્યો ઉકડી ઉઠયા હતા અને વશરામભાઈને મેયરની માફી માંગવાનું કહેતા મામલો વધુ ગરમ બન્યો હતો. આ તબક્કે સામાન્ય સભાનું વાતાવરણ ઉગ્ર બનતા મેયરે માર્શલને આદેશ ર્ક્યો હતો કે, વિપક્ષી સભ્યોને બોર્ડમાંથી બહાર કાઢવામાં આવે. બાદમાં માર્શલ દ્વારા કોંગ્રેસના નગરસેવકોને બહારનો રસ્તો દેખાડવામાં આવ્યો હતો.

આજે સામાન્ય સભાની શરૂઆતમાં શાસકપક્ષના નગરસેવિકા જોત્સનાબેન ટીલાળા દ્વારા રાજકોટ શહેરને કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગત નાણાકીય વર્ષમાં કેટલી ગ્રાંટ મળી છે. તે અંગે પ્રશ્ન પૂછાયો હતો. જેના જવાબમાં મ્યુનિસિપલ કમ્શિનરે રાજકોટ શહેરને સ્વર્ણિમ યોજના હેઠળ તેમજ અમૃત યોજના એક અને બે અંતર્ગત વિવિધ કામો માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા તેમજ ધારાસભ્ય અને સંસદ સભ્ય દ્વારા જે પણ ગ્રાંટ ફાળવવામાં આવી હતી તેનો વિગતવાર આંકડાકીય જવાબ આપ્યો હતો. સાથે-સાથે આ ગ્રાંટની રકમમાંથી શહેરમાં કેટલા વિકાસ કામો પૂર્ણ કરાયા છે. તેમજ કેટલા હાલ ચાલુ છે. તેની વિગત પણ અપાઈ હતી.

આ દરમિયાન વિપક્ષી નગરસેવક વશરામભાઈ સાગઠીયાએ રાજકોટમાં બનેલા અગ્નિકાંડ બાબતે અધ્યક્ષસ્થાનેથી મેયરને જવાબ દેવાનું કહેતા મામલો ગરમાયો હતો. વશરામભાઈ સહિતના અન્ય બે સદસ્યોએ જણાવ્યું હતું કે, લોકશાહિમાં દરેકને પોતાનો પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. વધુ માં અગ્નિકાંડનો મામલો રાજકોટની પ્રજાને સ્પર્શતો હોય તેનો જવાબ દેવામાં આવે. આ બાબતે શાસક પક્ષના જયમીન ઠાકર, મનીષ રાડીયા, પ્રદિપ ડવ સહિતના સભ્યોએ વિરોધ કરી કહ્યું હતું કે, પહેલા ભાજપના જ્યોત્સનાબેન ટીલાળાનો પ્રશ્ન પૂરો થાય પછી જ તમારો વારો આવશે. પરંતુ વશરામભાઈએ પોતાના પ્રશ્નનો જવાબ આપવા જણાવતા તડાપીટ બોલી હતી.

વશરામભાઈએ શાસકપક્ષાના કોર્પોરેટરોને આડા હાથ લેતા જણાવ્યું હતું કે, ભાજપ લોકશાહિનું ખુન કરી રહ્યો છે. વધુમાં તેઓએ મેયરને એવો પ્રશ્ન પૂછયો કે શહેરમાં થયેલા ભ્રષ્ટાચારમાં કેટલા નાણા વપરાયા છે. તેવું કહેતા શાસક પક્ષના સભ્યો ઉકળી ઉઠયા હતા. બાદમાં વશરામભાઈએ મેયરનું અપમાન ર્ક્યું છે. તેઓ મુદ્દો ઉઠાવી સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર તેમજ ધારાસભ્ય અને પૂર્વ ડે.મેયર ડો.દર્શિતાબેન શાહે બોર્ડની ગરિમા જાળવી રાજકોટના પ્રથમ નાગરિક મેયરની માફી માંગવાનું કહેતા વશરામભાઈએ ઈન્કાર ર્ક્યો હતો બાદમાં મેયરના આદેશથી માર્શલ દ્વારા તમામ વિપક્ષના નગરસેવકોને બહાર કાઢવામાં આવ્યા હતા.બોર્ડના અંતમાં ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા લોકોને શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી. તેમજ કેન્માં ફરી ત્રીજીવાર નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનતા અભિનંદન ઠરાવ પસાર કરાયો હતો. આ સિવાય તમામ દસ દરખાસ્તો સામાન્ય સભા સમક્ષ રખાઈ હતી તેને મંજૂર કરાઈ હતી.

# મોરબીના મકનસર ગામે યુવકને ટ્રેક્ટર નીચે ફેંકી તેના પરવ્હીલ ચડાવી દેતા સારવારમાં મોત

## ટ્રેક્ટર ચાલક સહિત ત્રણ શખ્સો સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના મકનસર ગામે અતિ ચકચારી કેસમાં આખરે ત્રણ શખ્સો સામે તાલુકા પોલીસે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. જેમાં પોલીસ દ્વારા પ્રથમ અકસ્માતમાં મોત અંગે કાર્યવાહી કરતા પરિવારજનોમાં રોષ ફેલાયો હતો અને મૃતક યુવકનો મૃતદેહ લઈને પરિવારજનો પોલીસ મથક પહોંચીને આક્ષેપ કર્યા હતા કે યુવકનું મૃત્યુ અકસ્માતમાં નહીં પરંતુ પ્રથમ માર મારી બાદમાં તેની ઉપર ટ્રેક્ટર ફેરવી દઈ તેની હત્યા કરવામાં આવી હોવાનું કહી આરોપીઓ સામે ગુનો ન નોંધાય ત્યાં સુધી મૃતક યુવકની અંતિમવિધિ ન કરવાનું જણાવ્યું હતું ત્યારે હાલ સમગ્ર બનાવ અંગે તાલુકા પોલીસે મૃતક યુવાનના પિતાની ફરિયાદના આધારે મકનસર(પ્રેમજીનગર)ના આરોપી ટ્રેક્ટર ચાલક સહિત ત્રણ સામે હત્યાનો ગુનો નોંધી પોલીસે આગળની ઉંડાણપૂર્વકની તપાસ



હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર મોરબી તાલુકાના મકનસર ગામે રામજી મંદિરવાળી શેરીમાં રહેતા ગંગારામભાઈ ચકુભાઈ મકવાણા ઉવ.૭૨ એ પોતાના દીકરા પ્રકાશભાઈ ગંગારામભાઈ મકવાણાના મૃત્યુ અંગે મોરબી તાલુકા પોલીસ મથકમાં આરોપી ગોરધનભાઇ મગવાણીયા રહે. પ્રેમજીનગર તથા અન્ય બે અજાણ્યા આરોપી એમ કુલ ત્રણ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી કે ગત તા. ૧૬/૦૭ના રોજ ગંગારામભાઈનો પુત્ર પ્રકાશભાઈ તથા બે અજાણ્યા માણસો આરોપી ગંગારામભાઈના ટ્રેક્ટર ઉપર બેઠેલ ત્યારે આરોપી ગોરધનભાઇ સાથેના બે માણસોએ ગંગારામભાઈના દિકરા પ્રકાશને ટ્રેકટર ઉપરથી ફેકી દિધેલ અને ગોધરનભાઇએ પ્રકાશ ઉપર ટ્રેકટર ચડાવી દઇ ગંભીર ઇજા કરતા પ્રકાશને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફત સારવારમાં લઇ જતા ચાલુ સારવાર દરમ્યાન પ્રકાશનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે ઉપરોક્ત ફરિયાદના આધારે તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ સામે હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાંથી ઈંગ્લીશ દારૂ સાથે બે શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર જિલ્લામાંથી ઈંગ્લીશ દારૂ સાથે બે શખ્સો ઝડપાયા જામનગર જીલ્લાના પોલીસ અધીક્ષક પ્રેમસુખ ડેલૂએ જામનગર જીલ્લા પ્રોહીબીશન તથા જુગારના કેશો શોધી કાઢવા સુચના કરેલ હોય તેમજ નાયબ પોલીસ અધિક્ષક જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ જામનગર સીટી સી ડીવી પો.સ્ટે ના પોલીસ ઇન્સ. જે.વી.ચૌધરીની સુચનાથી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ . વી.બી.બરબસીયા સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હોય તે દરમ્યાન સ્ટાફના પો.કોન્સ.હોમદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા તથા પો.કોન્સ . હર્ષદભાઇ દલપતભાઇ પરમારને સયુકત ચોકકસ બામતમીદારોથી હકીકત મળેલ કે જામનગર ખેતીવાડી રાજીવનગર ના ખુણે







એક ફોર વ્હીલ કારમા બે ઇસમો ઇગ્લીશ દારૂનિ હેરાફેરી કરતા હોય તેવી ચોકકસ હકીકત મળતા તે જગ્યા રેઇડ કરી નીચે જણાવેલ નામવાળા બે ઇસમોને ઇગ્લીશ દારૂની નાની મોટી બોટલો નંગ ૧૨૮ જેની કુલ કિ.રૂ .૨૫,૬૦૦ તથા બે મોબાઇલ ફોન કિ.રૂ .૧૫,૦૦૦ તથા ફોરવ્હીલ કાર કિ.રૂ.૩૦૦,૦૦૦ મળી કુલ મુદામાલ કિ.રૂ .૩,૪૦,૬૦૦ સામે મળી આવતા પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધ પો.કોન્સ.હર્ષદભાઇ પરમાર એ ફરીયાદ આપતા પો.હેડ.કોન્સ.કે.જી.ડાંગર નાઓએ એ કાયદેસરની કાર્યવાહી કરેલ છે . પકડાયેલ આરોપીઓ દીપક મનસુખભાઈ ગોહીલ રહે. અંધાશ્રમ પાછળ હનુમાન ચોક નીશાળની બાજૂ મા જામનગર આશીષ રાજૂભાઈ વારસકીયા રહે અંધાશ્રમ પાછળ હનુમાન ચોક નીશાળ પાસે જામનગર કબ્જે કરેલ મુદામાલ ઇગ્લીશ દારૂની બોટલો નંગ ૧૨૮ કિ.રૂ .૨૫,૬૦૦ મોબાઇલ ફોન ૨ કિ.રૂ .૧૫,૦૦૦ સ્વીફ્ટ મોટર કાર રજી નંબર ત્રર્ઙ઼ ૧૦ ઉઉં ૦૮૬૫ કી.રૂ .૩,૦૦,૦૦૦ મળી કુલ મુદામાલ રૂ .૩,૪૦,૬૦૦ આ કાર્યવાહી પો.ઇન્સ . જે.વી.ચૌધરીની સુચનાથી પો.સબ.ઇન્સ . વી.બી.બરબસીયા તથા સર્વેલન્સ સ્કોડના સ્ટાફના પો.હેડ.કોન્સ . યશપાલસિંહ જાડેજા , ફૈઝલભાઇ ચાવડા , ખીમશીભાઇ ડાંગર , મહેન્દ્રસિંહ ચુડાસમા તથા પો.કોન્સ . શીવભદ્રસિંહ જાડેજા , યુવરાજસિંહ જાડેજા , વનરાજભાઇ ખવડ , મહાવિરસિંહ જાડેજા , હર્ષદભાઇ પરમાર , હોમદેવસિંહ જાડેજા , પ્રવિણભાઇ પરમાર , જયદિપસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામા આવેલ છે

# વીંછીયાના ભોંયરા ગામે અવાવરૂ બંધ મકાનમાંથી સગીરાનો ફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળ્યો

**મુખ્ય સમાચાર, જસદણ**

વીંછીયા તાલુકાના ભોંયરા ગામે રહેતી સેજલબેન માત્રાભાઈ બાંભવા(ઉ.વ.૧૪) નામની સગીરાનો તેના મકાનની બાજુમાં અવાવરૂ બંધ હાલતમાં પડેલા મકાનમાંથી ગળેફાંસો ખાધેલી શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવી હતી. આ બનાવમાં સગીરાનો મૃતદેહ બંધ મકાનમાં લટકતો હોવાની ગામ લોકોને જાણ થતાં તાત્કાલિક વીંછીયા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી વીંછીયા પોલીસ મથકના દિલીપભાઈ માલકીયા સહિતનો સ્ટાફ





ઘટના સ્થળે પહોંચ્યો હતો અને લાશને વીંછીયાની સરકારી હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં સગીરાનો મૃતદેહ જ્યાં લટકતો હતો ત્યાં મૃતકના બન્ને પગ જમીન સાથે અડી ગયેલા હોય તેવું નજરે પડ્યું હતું. જેના કારણે પોલીસને અનેક શંકાઓ સામે આવી હતી. વધુમાં પોલીસ તપાસ દરમિયાન મૃતદેહની બાજુમાં પુરાવાનો નાશ કરવા માટે સાવરણીથી વાળવામાં પણ આવેલું હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવમાં પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતકના પરિવારને બોલાવી નિવેદનો લઈ હાલ એડીનો ગુન્હો નોંધી આગળની તજવીજ હાથ ધરી છે. આ બનાવમાં સગીરાની હત્યા કરાઈ છે કે આત્મહત્યા તેનું સાચું કારણ પી.એમ રિપોર્ટ આવ્યા બાદ જ ખબર પડશે તેવું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# મોરબીમાં એલપીજી ગેસ સિલિન્ડરનો મંજૂરી કરતા વધારે ગેરકાયદેસરનો જથ્થો રાખતા ત્રણ દુકાન સીલ કરાઈ

## ત્રણેય દુકાનોમાં ફાયર સેફટી માટેના પૂરતા સાધનો પણ ન હોવાનું સામે આવ્યું









**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં પુરવઠા વિભાગ દ્વારા અધિકારીઓની એક ટીમ બનાવી શહેરમાં એલપીજી ગેસ સિલિન્ડરનું છૂટક વેચાણ કરતા દુકાનદારોની દુકાનોમાં ચેકીંગ હાથ ધરાયુ હતું. જેમાં મોરબીની પરાબજારમાં ત્રણ દુકાનોમાં એલપીજી ગેસ સિલિન્ડરની મંજૂરી કરતા વધારે સિલિન્ડરનો જથ્થો મળી આવતા ત્રણેય દુકાનોમાં સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાય હતી.

મોરમીમાં પુરવઠા વિભાગના અધિકારી, જીલ્લા ફાયર વિભાગ ટીમ તથા નગરપાલિકા દ્વારા શહેરની મુખ્ય બજાર કહેવાતી પરાબજારમાં છૂટક એલપીજીના સિલિન્ડર વેંચતા દુકાનોમાં ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં એલપીજી સિલિન્ડરનો જથ્થો રાખી વેચાણ કરવાની મંજૂરી હોય પરંતુ મંજૂરી કરતા વધારે જથ્થો રાખનાર ત્રણ દુકાન રાજ ટ્રેડ પોઇન્ટ, દેવચંદ વશરામ એન્ડ સન્સ તથા બુરહની ટ્રેડર્સ નામની દુકાનોને સીલ કરી કડક કાર્યવાહી કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નગર દરવાજા જેવા અતિ ટ્રાફિકથી ધમધમતા અને હજારો લોકોની આવન જાવન વાળી પરાબજારમાં છૂટક એલપીજી સિલિન્ડરનું વેચાણ કરતી દુકાનોમાં દુકાનદારો દ્વારા ફાયર સેફ્ટીના પૂરતા સાધનો પણ રાખવામાં આવ્યા ન હોવાનું પણ સામે આવ્યું છે ત્યારે પુરવઠા વિભાગ, ફાયર વિભાગ તથા પાલિકા દ્વારા કરવામાં આવેલ કડક કાર્યવાહી થઈ ગેરકાયદેસર રીતે એલપીજી ગેસ સિલિન્ડરનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ મચી જવા પામ્યો છે.

# જામનગરમાં માતમના પર્વ મોહર્રમ નિમિતે તાજીયાનું ઝૂલસ નીકળ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર માતમના પર્વ મોહર્રમ નિમિતે તાજીયાનું ઝૂલસ નીકળ્યું હતું. જામનગરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરવામાં આવતા કલાત્મક તાજીયાની વિશ્વભરમાં આગવી ઓળખ છે. કરબલાના મેદાનમાં સત્ય અને ન્યાય માટે પોતાની જાન ન્યોછાવર કરનાર 'હઝરત ઈમામ હુસૈન'ની યાદમાં દર વર્ષે ઈસ્લામીક કેલેન્ડરના પ્રથમ માસ મહોરમમાં સમગ્ર વિશ્વના મુસ્લિમો દ્વારા કરબલાના શહીદોની યાદમાં મહોરમ પર્વ નિમિતે તકરીર,ન્યાઝ તેમજ તાજીયા કાઢી માતમ મનાવવામાં આવતું હોય છે.પરંપરાગત રીતે પ્રતિ વર્ષની જેમ આ





વર્ષે પણ મુસ્લીમ વિસ્તારોની ગલી ગલીમાં તાજીયાનું જુદી જુદી કમિટી અને જમાત દ્વારા કલાત્મક તાજિયા બનાવાયાં હતા. આ તાજીયા પડમાં આવ્યા હતા. જેને પગલે સમાજના લોકો શહીદોની યાદમાં ઘેરાયા હતા. ઝૂલસ નીકળ્યું હતું.ઈમામ હુશેનની શહાદતની યાદમાં ઉજવાતા મોહરમ પર્વની જામનગરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. જામનગરના અલગ અલગ વિસ્તારમાં વસતા મુસ્લિમ બિરાદરો દ્વારા તૈયાર કરવામાં આવતા કલાત્મક તાજીયાઓની દેશ-વિદેશમાં આગવી ઓળખ છે જામનગરમાં મોહરમના પર્વ પર તાજીયામાં હિન્દુ અને મુસ્લિમો માનતાઓ રાખતા હોય છે.તાજીયાને નિહાળવા અને દર્શન માટે અન્ય શહેરમાંથી લોકો પણ અહીં પધારતા હોય છે.જામનગરમાં મોહરમના પર્વ પર તાજીયાનું ઝૂલુસ યોજવામાં આવે છે.શહેરના અલગ અલગ વિસ્તારમાં વસતા મુસ્લિમ બિરાદરોએ તૈયાર કરેલા તાજીયાઓ શહેરના ચાંદીબજાર, દરબારગઢ વિસ્તારમાં લાવવામાં આવે છે.

# કલ્યાણપુરના ચૂરમાં દોઢ વર્ષની બાળકીને સર્પ કરડી જતાં મૃત્યુ

**મુખ્ય સમાચાર, જામનગર**

ખંભાળિયા કલ્યાણપુરના ચુર ગામમાં ખેત મજૂરી માટે પરપ્રાંતમાંથી આવીને રહેતા એક પરિવારની દોઢ વર્ષની બાળકીને પરભવનો વેરી સર્પ દંશી જતાં આ બાળકી મોતને શરણ થઈ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ચૂર ગામમાં ખેતમજૂરી માટે આવીને રહેતા ખેરસિંગ અજનાર નામના પરપ્રાંતીય શ્રમિકની દોઢ વર્ષની



પુત્રી પ્રિયંકા ગઈકાલે પિતા જ્યાં કામ કરતા હતા તે ખેતર પાસે રમતી હતી.આ વેળાએ અચાનક જ ઝેરી સર્પ તે બાળકીને દંશ મારીને પલાયન થઈ ગયો હતો. ઝેરી અસર થવા લાગતા પ્રિયંકાને સારવાર માટે ખંભાળિયાની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ આ બાળકીને ચકાસ્યા પછી મૃત્યુ પામેલી જાહેર કરતા તેણીનો પરિવાર હતપ્રભ બની ગયો છે. બનાવની જાણ થતાં પોલીસ ટીમ દોડી આવી હતી. હાલમાં ચોમાસાની ઋતુમાં દ્વારકા જિલ્લામાં સર્પદંશના બનાવો વધી રહ્યા છે ત્યારે ખેતી સાથે સંકળાયેલા લોકોમાં ભય પ્રસરી ગયો છે.

# મોરબીના રંગપર ગામ નજીક કાળમુખા ડમ્પરે બાઈક ચાલક યુવકનો ભોગ લીધો

## રસ્તા પર બાઈક લઈને ઉભેલાં ચાલકને પાછળથી બેફામ ગતિએ આપતાં ડમ્પરે ઠોકર મારી તેના માથા પર વ્હીલ ફેરવી દીધું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં દિન પ્રતિદિન માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે જેમાં અકસ્માતમાં મૃત્યુઆંક પણ વધ્યો હોય, તેમાંય રોડ ઉપર બેફામ અને ગફલતભરી રીતે ચાલતા ડમ્પરો દ્વારા વધારે પડતા અકસ્માત સર્જાતા હોય છે. ત્યારે આવા ડમ્પર ચાલકો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી અકસ્માતના બનાવોમાં અંકુશ મુકવા લોકમાંગ ઉઠવા પામી છે. ત્યારે વધુ એક માર્ગ અકસ્માતના બનાવમાં રંગપર(બેલા) ગામ નજીક જેતપર રોડે કૂતરું વચ્ચે આવતા બાઇકને બ્રેક મારી ઉભું રાખતા પાછળ બેફામ ગતિએ આવતા ડમ્પરની ઠોકરે યુવક નીચે પડી જતા ડમ્પરનું વ્હીલ યુવકના માથા ઉપર ફરી વળતા તેનું કમકમાટી ભર્યું મૃત્યુ નીપજ્યું હતું.

સમગ્ર અકસ્માતના બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.૧૪/૦૭ના સાંજના સમયે હાર્દિકભાઈ અણદાભાઈ ફેફર પોતાનું હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ રજી.જીજે-૩૬-જે-૮૩૧૯ લઈને સીરામીકની નોકરી પુરી કરીને ઘરે પરત જતા હોય ત્યારે રંગપર ગામની સીમમાં જેતપર રોડ કોયો સીરામીક પાસે રોડ ઉપર અચાનક બાઇક આડે કૂતરું ઉતરતા હાર્દિકભાઈએ પોતાના બાઇકને બ્રેક મારી ઉભું રાખેલ ત્યારે પાછળ પુરપાટ ગતિએ તથા બેદરકારી રીતે ચલાવી આવતા ડમ્પર રજી.નં. જીજે-૩૬-ટી-૬૮૮૧ના ચાલકે બાઇકને ઠોકર મારી હતી. જેથી બાઇક ચાલક હાર્દિકભાઈ નીચે પડી જતા માથા ઉપર ડમ્પરનું તોતિંગ વ્હીલ ફરી વળ્યું હતું. ત્યારે હાર્દિકભાઈને માથામાં ગંભીર ઇજાઓ પહોંચવાને કારણે તેમનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. ત્યારે અકસ્માતના બનાવ અંગે મૃતકના ભાઈ શ્રી સતીષભાઇ અણદાભાઇ ફેફર ઉવ.૩૯ રહે.હાલ ભરતનગર, મુળરહે.હીરાપર તા.ટંકારા દ્વારા આરોપી ડમ્પર ચાલક વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# જામનગર મહાપાલિકાએ ખીજડીયા સમ્પ પાસે ૧૧૦૦ વૃક્ષોનું વાવેતર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા ખીજડીયા સમ્પ સ્થળે ૧૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરાયું હતું. પ્રસિદ્ધ ખીજડીયા પક્ષી અભ્યારણ નજીક અહી પક્ષીઓને ખોરાક મળી રહે તેવો અભિગમ રખાયો હોવાનું જણાવાયું હતું.જામનગર મહાનગરપાલિકા દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પરીકલ્પના મુજબ એક વ્યક્તિ એક વૃક્ષ★ અને એક વૃક્ષમાં કે નામ સુત્રને સાર્થક કરતા આગામી દિવસોમાં ૫૦૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યુ છે. જેના ભાગરૂપે ખીજડીયા સમ્પ પાસે ૧૧૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.જામનગર નજીકના ખીજડીયા સમ્પ પાસે વૃક્ષારોપણ તથા જામનગર મહાનગરપાલિકા, વનવિભાગ જામનગર





અને નંદ વિદ્યા નિકેતન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસૂર્યા, મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદી, નાયબ વન સંરક્ષક આર. ધનપાલ, નાયબ વન સંરક્ષક આર. બી. પરસાણા, ડે. કમિશ્નર ડી. એ. ઝાલા, સીટી એન્જિનિયર ભાવેશભાઈ જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા મ્યુનિસિપલ કમિશ્નરે જણાવ્યું હતું કે ઘનિષ્ઠ વૃક્ષારોપણના કારણે આપણને વધુ માત્રામાં ઓક્સીજન મળી રહે છે. અને વરસાદ સારા એવી માત્રામાં પડે છે. પૃથ્વી ઉપર વૃક્ષો વગર મનુષ્યનું અસ્તિત્વ શક્ય જ નથી માટે આપણે આપણું અસ્તીત્વ ટકાવી રાખવા માટે પણ વિશાળ પ્રમાણમાં વૃક્ષોનું વાવેતર કરવું જોઈએ. વધુમાં, જણાવતા કહ્યું હતુ કે, પાન-મસાલા દ્વારા પ્લાસ્ટિક જે તે જગ્યાએ ફેકી દેવાથી તે પ્લાસ્ટીક જમીનમાં જાય છે અને જમીનની ફળદ્રુપતા ઓછી કરે છે માટે લોકો તેઓના રોજ બરોજના વ્યવહારમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ખૂબ ઓછા પ્રમાણમાં કરવો જોઈએ.

# વિંછીયામાં આવતીકાલે રૂા.૧૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય કેન્દ્ર અને માધ્યમિક શાળાનું લોકાર્પણ

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**

**જસદણ:** જસદણ વિછીયા ના ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા તાલુકાના રેવાણીયા ખાતે તા ૧૯ ના સવારે ૯ કલાકે રૂ ૧,૨૭ કરોડના ખર્ચે ઇ,છ,ઈ,ભવનનું ખાતમુહૂર્ત તથા સવારે ૧૦ કલાકે કંધેવાળીયા ગામે રૂ ૩,૫૦ કરોડના ખર્ચે નવી બનેલ માધ્યમિક શાળાના બીલ્ડીગનું લોકાર્પણ તેમજ સવારે ૧૧,૩૦ કલાકે પાટીયાળી ગામે રૂ ૪,૧૯,કરોડના ખર્ચે સરકારી માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત કરવામાં આવછે ત્યારબાદ બપોરે ત્રણ કલાકે મોઢુકા ખાતે ૧.૨૭ કરોડના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવશે તારીખ ૧૯, ૭, ૨૪ ના સવારે ૯ વાગ્યા થી કાર્યક્રમ યોજાછે છેવાડાના માનવી સુધીની ચિંતા કરતી રાજ્ય સરકારે નાનામાં નાના ગામડા ની પણ નોંધ લીધી છે જેમાં સેવા આરોગ્ય શિક્ષણ પાણી વીજળી ખેડૂત ગરીબ તથા તમામને આવરી લેતી વિવિધ યોજનાઓ



અમલમાં છે ત્યારે જસદણ વિછીયા ના તપસ્વી ધારાસભ્ય અને રાજ્ય સરકારના તેજસ્વી કેબિનેટ મિનિસ્ટર કુંવરજીભાઈ બાવળીયાના પ્રયાસોથી વીંછીયા તાલુકાના રેવાણીયા પાટીયાળી કંધેવાળીયા મોઢુકા જેવા ખોબા જેવડા ગામમાં કરોડો રૂપિયાના ખર્ચે બી આર સી ભવન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માધ્યમિક શાળાનું નિર્માણ થયું છે તે બદલ પંથકની પ્રજા મંત્રી અને ધારાસભ્ય બાવળીયાના આભારી હોવાનું જણાવી રહ્યા છે રૂપિયા ૧૦ કરોડથી પણ વધુ રકમના ખર્ચે બની રહેલ માધ્યમિક શાળા આરોગ્ય કેન્દ્ર સહિત વિવિધ પ્રકલ્પો ના બિલ્ડીંગનુ લોકાર્પણ ખાત મુહુર્ત જસદણ વિછીયાના ધારાસભ્ય અને રાજ્ય સરકારના પાણી પુરવઠો જળ સંપત્તિ અને ગ્રાહક સુરક્ષા અન્ન નાગરિક પુર્વઠાના બાબતના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા ના વરદ હસ્તે કરવામાં આવછે જેથી વિછીયા શહેર તાલુકા ભાજપના તમામ હોદ્દેદારો કાર્યકર્તાઓએ ઉપસ્થિત રહેવા ભારતીય જનતા ભારતીય જનતા પાર્ટી દ્વારા અનુરોધ કરવામાં આવેલ છે

# જામનગરમાં કોલેરાના રોગચાળાને નિયંત્રણ કરવામાં મનપાનું આરોગ્ય તંત્ર નિષ્ફળઃ શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિએ કમિશ્નરને આવેદન પાઠવ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં કોલેરાના રોગચાળાને નિયંત્રણ કરવામાં મનપાનું આરોગ્ય તંત્ર નિષ્ફળ ગયાના આક્ષેપ સાથે શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિએ કમિશ્નરને આવેદન પાઠવ્યું હતું. જેમાં આરોગ્ય અધિકરી મનસ્વી વર્તન કરતા હોવાની રાવ કરાઇ છે. શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિએ મંગળવારે



કમિશ્નરને પાઠવેલા આવેદનમાં જણાવ્યાનુસાર શહેરમાં કોલેરાના ૧૦ કેસ નોંધાઇ ચૂક્યા છે.જી.જી. અને ખાનગી હોસ્પિટલમાં તાવ, ઝાડા, ઉલ્ટીના કેસ નોંધાયા છે. શહેરના મોટાભાગના વિસ્તારમાં કોલેરાનો રોગચાળો પ્રસરી ગયો છે. આમ છતાં મનપાનું આરોગ્ય તંત્ર કુંભ કર્ણની નિંદ્રામાં છે. મેડીકલ ઓફીસરની જગ્યા ખાલી છે. આરોગ્ય અધિકારી કોઇ વિસ્તારની મુલાકાત લેતા નથી એન મનસ્વી વર્તન કરે છે. તો આ બાબતે પગલાં લેવા માંગણી કરી છે.

# નકલી શાળાના પ્રશ્ને જિલ્લા પંચાયત તંત્ર પર તડાપીટ બોલાવતા કોંગ્રેસી સદસ્ય

## રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના ૧૩૭ વિકાસ કામો માટે ૩૩૫ કરોડના ખર્ચનો ઠરાવ કરાયોઃ રાજ્ય સરકાર પાસે ૮૦૦ ચેકડેમની મરામત માટે ગ્રાન્ટ મંગાઈ







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભા પ્રમુખ ભાવનાબેન રંગાણીના અધ્યક્ષસ્થાને મળી હતી. આચારસંહિતા બાદ મળેલાં પ્રથમ બોર્ડમાં કોંગ્રેસના એકટીવ સદસ્ય મનસુખભાઈ સાકરીયાએ તાજેતરમાં પીપળીયા અને કુવાડવામાં પકડાયેલી નકલી શાળાના પ્રશ્ને જિલ્લા પંચાયતના તંત્ર પર તડાપીટ બોલાવી હતી. તેમણે જણાવ્યું હતું કે છ વર્ષ સુધી તંત્રના નાક નીચે આ શાળા બેરોકટોક ચાલી રહી હોય તેમ છતાં પંચાયતનું શિક્ષણ વિભાગ ફીફા ખાંડતુ રહ્યું છે. આવી મોટી બાબત બને ત્યારે તંત્રની ફરજ છે કે તુરંતમાં કડક પગલાં ભરવા જોઈએ. બાળકોના શિક્ષણ સાથે ચેડા કરનાર તત્વોને કડક હાથે ડામવા તંત્રએ આગળ આવવું જોઈએ.

વધુમાં તેઓએ ગ્રામ્ય વિસ્તારની ૩૬ શાળાઓમાં મેદાનનો અભાવ હોય આ બાબતે શું પગલાં લેવાયા છે તેની ચર્ચા કરવા પણ કહ્યું હતું. તેઓએ તેમજ અન્ય કોંગ્રેસના સદસ્યોએ ભાજપ શાસિત જિલ્લા પંચાયતના સભ્યો પર પક્ષાપક્ષીનો આરોપ કરતાં જણાવ્યું હતું કે કોંગ્રેસના સદસ્યો જે પંચાયતમાં ચૂંટાયા છે ત્યાં ઓછી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આવું ભૂતકાળમાં જયારે ભૂપતભાઈ બોદર પ્રમુખ હતા ત્યારે બન્યું ન હતું. આજે મળેલી જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સરકાર પાસે જિલ્લાના ૧૩૭ વિકાસ કામો કરવા માટે ૩૩૫ કરોડની દરખાસ્તનો ઠરાવ કરવામાં આવ્યો હતો. સાથે સાથે ગ્રામ્ય વિસ્તારના ૮૦૦ ચેકડેમની મરામત માટે પણ ગ્રાન્ટ મંગાવવાની દરખાસ્ત કરાવાઈ હતી. આજની સામાન્ય સભામાં ડીડીઓ નવનાત ગવ્હાણે, ડે. ડીડીઓ, જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, અધિકારીઓ સહિતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટ જિલ્લા પંચાયતની નવી ડાયરીનું લોકાર્પણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**આજે મળેલી રાજકોટ જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં જિલ્લા પંચાયતની નવા નાણાંકીય વર્ષની ડાયરીનું લોકાર્પણ પ્રમુખ અને પદાધિકારીઓ તેમજ ડીડીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ડાયરીમાં શહેરની અને જિલ્લાના અધિકારીઓ તેમજ જિલ્લા પંચાયતના પદાધિકારીઓની સંપૂર્ણ વિગત પ્રસિધ્ધ કરવામાં આવી છે.**

## સોલિડવેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી ગંદકી કરતાં આસામીઓ પાસેથી રૂા.૩૧૧૫૦નો દંડ વસુલ કરાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૬/૦૭/૨૦૨૪ થી ૧૭/૦૭/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૧૬/૦૭/૨૦૨૪ થી ૧૭/૦૭/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોનમાંથી કુલ ૧૧૮ આસામીઓ પાસેથી ૮.૭૨૫ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૧૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૫૦ આસામીઓ પાસેથી ૨.૯૭૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૧૭૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૪ આસામીઓ પાસેથી ૪.૯૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૧૩૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૪ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૦૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી મ્યુનિસિપલ કમિશનરશ્રીની સુચના અને નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સ્વપિનલ ખરેના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તેમજ ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઇજનેરશ્રીના સુપરવિઝનમાં આસી. પર્યાવરણ ઇજનેર/ સેનીટેશન ઓફિસરહાજરીમાં સેનેટરી ઇન્પેજનેરકટર/ સેનેટરી સબ ઇન્પેઇજન૦કટર દ્વારા કરવામાં આવેલ.

## જસદણમાં મોબાઈલ ફોનના બે વેપારી સામે જાહેરનામા ભંગનો ગુન્હો નોંધાયો

### નિયમ મુજબ રજીસ્ટર ન નિભાવતા રૂરલ એસઓજી દ્વારા કાર્યવાહી

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણમાં મોબાઇલ ફોનના બે વેપારીઓએ નિયમ મુજબ રજીસ્ટર ન નિભાવતા રૂરલ એસઓજી દ્વારા જાહેરનામા ભંગની કાર્યવાહી કરાઇ હતી.

જસદણમાં જુના બસ સ્ટેન્ડ જે.ટી. ચેમ્બર નીચેના માળે આવેલ સ્ટાર મોબાઇલ નામની દુકાનમાં રૂરલ એસઓજીએ ચેકીંગ કરતા નિયમ મુજબ જુના મોબાઇલ ફોનના વેચાણ તથા સીમકાર્ડનું રજીસ્ટર ન નિભાવતા હોય દુકાનદાર અલ્ફાસ અશરફભાઇ કારાણી રે. જસદણ સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરાઇ હતી. તેમજ આ જ સ્થળે મીરા મોબાઇલ નામની શોપમાં પણ જુના મોબાઇલ ફોન વેચાણ તથા સીમકાર્ડનું રજીસ્ટર ન નિભાવતા દુકાનદાર લખમણભાઇ માલાભાઇ ખટાણા રે. જસદણ સામે જાહેરનામા ભંગની કાર્યવાહી કરાઇ હતી. આ કાર્યવાહી રૂરલ એસઓજીના પી.આઇ. પારધીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી.સી.મિંયાત્રા તથા હેડ કો. વિજયભાઇ વેગડ સહિતના સ્ટાફે કરી હતી.

## સાણંદ સ્ટેશન પર ઈન્ટરલોકિંગ કામને કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન પર અમદાવાદ-વિરમગામ સેક્શનમાં DFCCILના સાણંદ (દક્ષિણ) સ્ટેશન થી સાણંદ સ્ટેશનની કનેક્ટિવિટી ના સંબંધમાં નોન-ઈન્ટરલોકિંગ કાર્યને કારણે, રાજકોટ ડિવિઝનમાંથી ચાલતી/પસાર થતી કેટલીક ટ્રેનો રદ રહેશે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે:

રદ કરાયેલી ટ્રેનોઃ-

૧) ૨૦ અને ૨૧ જુલાઈ, ૨૦૨૪ ની ટ્રેન નંબર ૧૯૧૧૯ ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ રદ રહેશે.

૨) ૧૯ અને ૨૦ જુલાઈ, ૨૦૨૪ની ટ્રેન નંબર ૧૯૧૨૦ વેરાવળ-ગાંધીનગર કેપિટલ એક્સપ્રેસ રદ રહેશે.

૩) ૧૯ અને ૨૦ જુલાઈ, ૨૦૨૪ ની ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

૪) ૨૦ અને ૨૧ જુલાઈ, ૨૦૨૪ ની ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ રદ રહેશે.

ટ્રેનોના સંચાલન, સમય, સ્ટોપેજ અને બંધારણ સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## હળવદ તાલુકાના ગ્રામ્યમાંથી સગીરાને લગ્નની લાલચે ભગાડી જતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદ તાલુકાના એક ગામમાં વાડીએ ખેતમજૂરી કરતા પરિવારની ૧૭ વર્ષીય દીકરીને લગ્નની લાલચે બદકામ કરવાના ઇરાદે ભગાડી જતા સગીરાના પિતા દ્વારા આરોપી સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હળવદ પંથકના એક ગામમાં ખેત મજૂરી કરી પેટિયું રળતા પરિવારની દીકરી સગીર વયની હોવાનું જાણવા છતા લલચાવી ફોસલાવી લગ્નની લાલચ આપી બદકામ કરવાના ઇરાદે આરોપી ગોપાલ રૂડાભાઇ ઠાકોર રહે. જુના માલણીયાદ તા.હળવદવાળો ગત તા.૨૮/૦૫ના રોજ રાત્રી દરમિયાન ૧૭ વર્ષ ૨ માસની સગીરાને ભગાડી ગયો હતો. ત્યારે ખેતમજૂરી કરતા પરિવારજનોએ ઘરમેળે સાગા વ્હાલા તેમજ ઓળખીતામાં પોતાની દીકરી અંગે તપાસ શરૂ કરી હતી પરંતુ આજદિન સુધી કોઈ સગડ ન મળતા આખરે સગીરાના પિતા દ્વારા હળવદ પોલીસ મથકમાં આરોપી સામે ફરિયાદ નોંધાવી છે. હાલ પોલીસે આરોપી સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જામનગરમાં ચાંદીપુરા વાઈરસના બે શંકાસ્પદ કેસ નોંધાયા

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર રાજ્યના કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ગૌ સંવર્ધન, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જામનગરની ગુરુ ગોબિંદસિંહ સરકારી હોસ્પિટલ ખાતે ચાંદીપુરા વાઇરસને લઈને સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.તાજેતરમાં રાજ્યમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ કેસો મળી આવ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા આ રોગને નિયત્રંણમાં લેવા માટે તમામ પ્રકારના પગલાં લેવામાં આવ્યા છે અને સતત કામગીરી કરવામાં આવી રહી છે. જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ ૨ કેસો મળી આવ્યા છે અને હાલમાં આ બંને બાળકોની સારવાર ચાલી રહી છે અને તેમનું સતત મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. કૃષિમંત્રીએ ઉપસ્થિત સર્વેને જરુરી માર્ગદર્શન આપ્યા હતું અને વર્તમાન પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

કેબિનેટ મંત્રીએ જણાવ્યું હતું કે જામનગર જિલ્લામાં ચાંદીપુરા વાઈરસને અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. ચાંદીપુરા વાઈરસના લક્ષણોમાં દર્દીને અચાનક તાવ આવે, ઉલટી ઉબકા થવા, આંચકી આવે અને શરીરમાં કળતર થાય છે. આ વાઈરસ મચ્છર, માખી જેવા વાહકો દ્વારા ફેલાય થાય છે. આ રોગચાળો ૯ માસથી લઈને ૧૪ વર્ષના બાળકોમાં જોવા મળ્યો છે. તેને અટકાવવા માટે સમગ્ર શહેર અને જિલ્લામાં મચ્છરનાશક દવાનો છંટકાવ કરાવવો, સફાઈ કામગીરી, આરોગ્ય કર્મીઓને તાલીમબદ્ધ કરવાથી લઈને જનજાગૃતિ વધે તે રીતે સુચારુ આયોજન કરવામાં આવ્યું છે. ચાંદીપુરા વાઈરસને અટકાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને નાગરિકો સાથે મળીને સાવચેતીના પગલાં લે તે આવશ્યક છે. જો તમારી આસપાસ આવા લક્ષણોવાળા કોઈપણ દર્દી ધ્યાનમાં આવે તો તાત્કાલિક રીતે નજીકના દવાખાનાનો સંપર્ક સાધવો જોઈએ જેથી આ વાઈરસ ફેલાતો અટકાવી શકાય.ઉકત સમીક્ષા બેઠકમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, જી.જી.હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.દીપક તિવારી, એમ.પી.શાહ મેડિકલ કોલેજના ડીન ડો.નંદિની દેસાઈ તેમજ અન્ય અધિકારીગણ હાજર રહયા હતા.

## રાજકોટમાં વૈશ્વિક ઓડિટ તાલીમ કેન્દ્રનું લોકાર્પણ; હોસ્ટેલ બિલ્ડીંગનું કામ પ્રગતિ હેઠળ

### રાજકોટની એ.જી.ઓફિસ કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય ઓડિટ તાલીમ કેન્દ્રનું ઉદઘાટન કરતા કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ ગિરીશચન્દ્ર મુર્મુઃ રાજકોટમાં નવનિર્મિત તાલીમ કેન્દ્રની મુલાકાત લેતા CAG શ્રી મુર્મુ








**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ(સી.એ.જી.) ગિરીશચન્દ્ર મુર્મુએ રાજકોટની એ.જી.ઓફિસ કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય તાલીમ કેન્દ્રનું ઉદઘાટન કર્યું હતું. તેમજ વરિષ્ઠ અધિકારીઓ સાથે આ નવનિર્મિત તાલીમ કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ તકે પી.પી.ટી.ના માધ્યમથી આ વૈશ્વિક તાલીમ કેન્દ્રની માહિતી રજૂ થઈ હતી.

આ તકે સી.એ.જી.એ કહ્યું હતું કે, રાજકોટ જેવા મુખ્ય શહેરમાં આવેલી રાજયની એકાઉન્ટન્ટ જનરલ ઓફિસ ખૂબ મહત્વની સંસ્થા છે. આ સંસ્થાની વડી કચેરી ગાંધીનગર સ્થળાંતરિત થશે. તથા રાજકોટમાં પ્રાદેશિક કક્ષાની કચેરી કાર્યરત રહેશે. ત્યારે આગામી સમયમાં સ્થાનિક સરકારના વિવિધ વિભાગોની પણ ઉચ્ચસ્તરીય તાલીમનું આયોજન થઈ શકે તે માટે રાજકોટમાં ખાસ આઈ.સી.એલ.જી. અંતર્ગત ઇન્ટરનેશનલ ટ્રેનિંગ ઇન્સ્ટિટયૂટની આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થા બનાવવામાં આવી છે. આ તાલીમ કેન્દ્રમાં આંતરરાષ્ટ્રીય તાલીમનું આયોજન કરવામાં આવશે. અહિથી વૈશ્વિક કક્ષાની તાલીમ પામીને પ્રેક્ટિસનરો રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાને શ્રેષ્ઠ ઓડિટર તરીકેની સેવા આપી શકશે.

સી.એ.જી.એ વધુમાં કહયુ હતું કે, આ તાલીમ કેન્દ્ર વિવિધ દેશોમાં થઇ રહેલી સરકારી સંસ્થાઓની વિભિન્ન ઓડિટનો પદ્ધતિસરનો આધુનિક અભ્યાસ કરાવવાનો તથા તેના આદાન-પ્રદાન થકી કાર્ય પ્રણાલિમાં ગુણવત્તાયુક્ત ફેરફાર કરવામાં આ ઇન્સ્ટિટયૂટ મહત્વનું યોગદાન આપશે.

મૂર્મૂએ કહયુ હતું કે, આંતરરાષ્ટ્રીય કક્ષાના આ તાલીમ કેન્દ્રમાં રાજ્ય સરકારનો પંચાયતી વિભાગ, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ વગેરે માટે સ્પેશ્યિલ કેપેસિટી બિલ્ડીંગ માટેની તાલીમોના આયોજન કરવામાં આવશે. સમગ્ર દેશમાં આઈ.સી.એલ. જી. દ્વારા નોઇડા ખાતે કાર્યરત આઇ.ટી ઓડિટ તથા રાજસ્થાન ખાતેની એન્વાયર્નમેન્ટલ ઓડિટ જેવી સંસ્થાઓ ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમોના આયોજન કરવામાં આવે છે, ત્યારે ગુજરાતમાં હયાત કોર્પોરેટ અને પંચાયતી રાજનું વિશિષ્ટ માળખાને વધુ સુદ્રઢ બનાવી તેની ક્ષમતાનો તાલીમ દ્વારા વધુ વિકાસ થાય તે માટે રાજકોટ ખાતે ઇન્ટર ઇન્ટરનેશનલ સેન્ટર ફોર લોકલ ગવર્નન્સ ઇન્સ્ટિટયૂટ બનાવવામાં આવી છે. તેમ શ્રી મૂર્મુએ જણાવ્યું હતું.

સી.એ.જી.મૂર્મૂએ હિસાબલક્ષી સંપૂર્ણ કામગીરીનું નિરીક્ષણ કરી એ.જી. ઓફિસ રાજકોટના અધિકારીઓ સાથે બેઠક યોજી કામગીરીની સમીક્ષા કરી હતી. પ્રગતિ હેઠળના હોસ્ટેલ બિલ્ડીંગ સાઇટની મુલાકાત દરમિયાન સી.એ.જી. મુર્મુએ તાલીમ કેન્દ્રનાં ઓડિટોરિયમ, કોન્ફરન્સ હોલ, ફેકલ્ટી કવાર્ટર્સ, ગ્રિન એરિયા, ડ્રીપ ઈરીગેશન, પાર્કિંગ એરિયા, ડ્રેનેજ એરિયા, એકાઉન્ટ બિલ્ડિંગ રીનોવેટ કરવા, કોપર ઇલેકટ્રિક વાયરીંગ કરવા સહિતના જરૂરી સુચનો અધિકારીઓને કર્યા હતા.

આ તકે ઓડિટ એડવાઈઝરી બોર્ડના સભ્ય આર. એલ. બિશ્નોઈ અને વિજયાનંદ, ગુજરાતના અર્બન ડેવલપમેન્ટના સેક્રેટરીશ્રી અશ્વિનીકુમાર, પ્રિન્સિપલ એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ) દિનેશ પાટીલ, અમદાવાદના પ્રધાન મહાલેખાકારશ્રી સૌરભ જેપુરીયાળ, વરિષ્ઠ ઉપમહા લેખાકારશ્રી વિનસ ચૌધરી, સિનિયર ઓડિટ ઓફિસર અનિલ સાહુ, કલેક્ટર પ્રભવ જોશી, પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જિલ્લા વિકાસ અધિકારી ડો.નવનાથ ગવ્હાણે, પોલીસ અધિક્ષક શ્રી જયપાલસિંહ રાઠોડ સહિત રાજકોટ એ.જી.ઓફિસના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર ક્રિકેટ બંગલા પાસેના ફ્લેટમાંથી વિજ ચોરી પકડાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર શહેરમાં વિજ ચોરી કરવા અંગે દિન-પ્રતિદિન નવા-નવા નુશખા અજમાવવામાં આવે છે, ક્રિકેટ બંગલા પાસે સિલ્વર-એ ૫૦૧ નંબરના ફ્લેટમાં શંકાના આધારે પીજીવીસીએલ દ્વારા વિજ મીટર બદલાવાયા બાદ તપાસણી કરતા આ મીટરમાં ચેડા થયા હોવાનું ખુલતા આસામીને .૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે, ક્રિકેટ બંગલા પાસે આવેલા ફ્લેટમાં જુનું મીટર તપાસણી કરવા માટે લેબમાં લઇ જવામાં આવ્યું હતું, જયાં સેન્ટ્રલ ઝોન પેટા વિભાગ દ્વારા લેબોરેટરી અધિકારીની ઉપસ્થિતિમાં ચેક કરાતા મીટર બોડી પાછળનો નાનો ચોરસ કટકો કાપીને અંદરની મીટર સર્કિટ સાથે એક વધારાનો રજીસ્ટન્સ જોડેલો હતો, ત્યારબાદ મીટરને બોડી સાથે ચોંટાડી દેવામાં આવ્યું હતું.વિજ ચોરી અંગે આખુ મીટર ચેક કરાતા સ્માર્ટ રીતે પાવર ચોરી કરાતી હોવાનું ખુલ્યું હતું, સેન્ટ્રલ ઝોન પેટા વિભાગના નાયબ ઇજનેર અજય પરમાર દ્વારા વિજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૩૫ હેઠળ કાર્યવાહી કરી પોલીસ એફઆઇઆર નોંધવાની કામગીરી શ કરાઇ છે અને ગ્રાહકને .૧.૦૧૩૬૮નું બીલ ફટકારવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT


# ગોંડલ આશાપુરા મંદિરના ચોકીદારને બંધક બનાવી લૂંટ ચલાવનાર તસ્કર ઝડપાયો

## ક્રાઈમ બ્રાંચની ટીમે જામનગર રોડ પરના પથીક આશ્રમ પાસેથી દબોચી લઈ રૂ.૬૧ હજારનો મુદ્દામાલ કબજે કર્યો : અન્ય બે પરપ્રાંતીય લુટારુઓની શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલના આશાપુરા માતાના મંદિરમાં ચોકીદારને બંધક બનાવી લુટ ચલાવ્યાની ઘટનાનો ભેદ રાજકોટ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાખી એક તસ્કરને દબોચી લઈ રૂ.૬૧ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ.જે.હુણ, એએસઆઈ વાલાભાઈ, હેડ કોન્સ્ટેબલ અમિતભાઈ, કોન્સ્ટેબલ નગીનભાઈ સહિતનો સ્ટાફ જામનગર રોડ પર હતા ત્યારે ગોંડલમાં આવેલા આશાપુરા માતાજીના મંદિરમાં ૧૨ દિવસ પહેલા






ચોકીદારને બંધક બનાવી લુટ ચલાવનાર લુટારુગેંગનો એક સાગરીત રૂડા ઓફિસ સામે આવેલ પથીક આશ્રમ પાસે હોવાની હકીક્ત મળતા પોલીસે કુંવરપાલસિંહ ઉર્ફે કપતાનસિંહ નિરપતસિંહ નાઈક (રહે.સેન્ટ્રલ જેલની પાછળ રૂખડીયા મફતીયાપરા મૂળ વતન યુપી)ને દબોચી લઈ સોનાના ચાંદલા, ચાંદીના છત્તર, મુંગટ, મોબાઈલ, લોખંડના સળીયા કાપવાનું કટ્ટર સહિત કુલ રૂ.૬૧ હજારનો મુદ્દામાલ કબજે કરી આકરી પૂછપરછ કરતા આશાપુરા મંદિરમાં લુટની ઘટનાને અંજામ આપનાર અન્ય સાગરીત સંજયસિંહ ફુલસિંહ નાઈક, પ્રમોદ ક્રિપાલ બિહારી નામના બે શખ્સોની શોધખોળ આદરી છે.

# ઓબ્જર્વેશન હોમમાં બાળ આરોપીઓએ સુપરવાઈઝર પર હુમલો કરી આતંક મચાવ્યો

## બાળ આરોપીઓને વાલી સાથે ફોન પર વાત કરવાનો સમય પુરો થતાં ફોન મૂકી દેવાનું કહેતા મામલો બીચક્યો : છ બાળ આરોપીઓએ તોડફોડ કરતા ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ગુનાખોરી કરી પોલીસમાં પકડાયેલા બાળ આરોપીઓને સુધારવા માટે ઓબ્જર્વેશન હોમમાં રાખવામાં આવતા હોય અને સપ્તાહમાં એક વાર સંસ્થા દ્વારા બાળ આરોપીઓને પરિવાર સાથે ટેલિફોનિક વાત કરવા અંગે છુટ આપવામાં આવી હોય ગઈ કાલે એક બાળ આરોપી પરિવાર સાથે વાત કરતો હોય અને તેનો સમય પૂર્ણ થતાં સુપરવાઈઝરે ફોન મૂકવા અંગે સુચના



આપી હોય જેના પગલે બોલાચાલી થતાં છ બાળ આરોપીઓએ ઓબ્જર્વેશન હોમમાં આતંક મચાવી તોડફોડ કરી હુમલો કર્યાની ઘટના પ્રકાશમાં આવી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરની ભાગોળે પાળ રોડ પર આવેલ સંસ્કાર સીટી એપાર્ટમેન્ટમાં રહેતા અને ભક્તિનગર સ્ટેશન પ્લોટમાં આવેલ ઝોનલ ઓબ્જર્વેશન હોમ કમ પ્લેસ ઓફ સેફ્ટીમાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા સાગરભાઈ દિલીપભાઈ સુકલાએ એ.ડિવિઝન પોલીસમાં કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ આરોપી કે જેઓ ઓબ્જર્વેશન હોમમાં રહેતા હોય તેના વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ગઈ કાલે એક બાળ આરોપી તેના વાલી સાથે ટેલિફોનિક વાત કરતો હતો અને તેનો સમય પૂર્ણ થતાં અન્ય બાળ આરોપીઓને તેઓના વાલી સાથે વાતચીત કરવાની હોય જેથી ફોન મૂકી દેવાની સુચના આપવામાં આવી હતી. પરંતુ આ બાબતે બોલાચાલી કરી અન્ય છ બાળ આરોપી ભેગા મળી સુપરવાઈઝર પર હુમલો કરી ઓબ્જર્વેશન હોમમાં આતંક મચાવી પંખા, લાઈટ, સીસીટીવી કેમેરા સહિત ચીજ વસ્તુઓ તોડી નાખી નુક્સાન કરી હુમલો કર્યાની ફરિયાદ એ.ડિવિઝન પોલીસમાં નોંધાવતા પીએસઆઈ એમ.કે.મોવલીયાએ તપાસ હાથ ધરી છે.

# શિલ્પન નોવા એપાર્ટમેન્ટમાં જુગાર રમતા આઠ સોની વેપારી ઝડપાયા

## સ્થાનિક પોલીસે બાતમીના આધારે ફલેટમાં ચાલતો જુગારનો અખાડો ઝડપી લઈ રૂ.૧.૫૫ લાખની રોકડ કબજે કરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે. ત્યારે જુગારીઓમાં પણ જુગારની મૌસમ પૂરબહારમાં ખીલી હોય તેમ ગઈકાલે કુવાડવા રોડ પર પ્રભુ ફાર્મમાં ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી ૧૪ જુગારીઓને દબોચી લીધાની ઘટના હજુ તાજી છે. ત્યારે શિલ્પન નોવા એપાર્ટમેન્ટમાં જુગારના અખાડા પર સ્થાનિક પોલીસે દરોડો પાડી આઠ સોની વેપારીઓને દબોચી લઈ રૂ.૧.૫૫ લાખની રોકડ કબજે કરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસના પીઆઈ એમ.જી.વસાવાની સુચનાથી પીએસઆઈ ભરવાડ હેડ કોન્સ્ટેબલ વનરાજભાઈ લાવડીયા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. ત્યારે ચોક્કસ બાતમીના આધારે શિલ્પન નોવા એપાર્ટમેન્ટ એવીંગ ફ્લેટ નં.૧૦૦૪માં રહેતો રવિ અશોક થડેશ્વર નામનો સોની વેપારી બહારથી અન્ય વેપારીઓને બોલાવી જુગારના સાધનો પુરા પાડી જુગારનો અખાડો ચલાવતો હોવાની હકીક્ત મળતા પોલીસે ઉપરોક્ત સ્થળે દરોડો પાડતા જુગાર ક્લબનો સંચાલક રવિ થડેશ્વર, જુગાર રમવા આવેલો સંજય રમણિક થડેશ્વર (રહે.ઈન્દીરા સર્કલ પાસે મીચીસ રેસ્ટોરન્ટની બાજુમાં દેવાલય એપાર્ટમેન્ટ), દેવાંગ દિનેશ જગડા (રહે.રણુજા મંદિર કોઠારિયા રોડ નંદનવન એપાર્ટમેન્ટ), દર્શન રમેશ ધકાણ (રહે.જીવરાજ પાર્કકાલાવડ રોડ સુવર્ણભુમિ એપાર્ટમેન્ટ), બ્રિજેશ અશોક ધકાણ (રહે.રૈયાધાર સનસીટી હેવન એપાર્ટમેન્ટ), વિશાલ પ્રવિણ જગડા (રહે.ગોપાલ ચોક ગોલ્ડ એપાર્ટમેન્ટ), આશિષ પ્રદિપ ધકાણ (રહે.ચિત્રલેખા એપાર્ટમેન્ટ ૧૫૦ રિંગ રોડ ગિરિરાજ હોસ્પિટલ પાસે), મિલન પ્રવિણ ધાનક (રહે.અંબિકા પાર્ક રૈયા રોડ) નામના આઠ સોની વેપારીઓની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૧.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સામા કાંઠે બંગડીના કારખાનામાં યુવાનનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે ભાવનગર રોડ પર - બંગળીના કારખાનામાં કામ કરતાં યુવાન કારખાનામાં જ ઝેરી લીકવીડ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં - આવ્યો છે. દેણૂ થઈ જતાં આ પગલું ભરી લીધાની શંકાના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, ભાવનગર રોડ પર રાજમોતી મીલ પાસે મફતીયાપરામાં રહેતો અને તે જ વિસ્તારમાં આવેલા ક્રિષ્નાબેંગલ નામના બંગડીના કારખાનામાં કામ - કરતો કિશન જયંતિભાઈ વાઘેલા (ઉ.૨૮) નામનો યુવાન આજે બપોરે કારખાનામાં કામ કરતો હતો ત્યારે - તેણે ઝેરી લીકવીડ પી લેતાં તેને - સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી ડીવીઝન પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં કિશન બે ભાઈમાં નાનો અને તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. વધુ તપાસમાં તેને દેણું થઈ જતાં આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# ટેલિફોન એક્સચેન્જ પાસે શ્રીજીનગરમાં મહિલાનો ઝેરી પાવડર પી આપઘાત

## કોઠારિયા રોડ પર શ્યામકિરણ સોસાયટીમાં દુકાનદારને વીજ શોક લાગતા મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ટેલિફોન એક્સચેન્જ પાસે આઈશ્રી ખોડિયાર સોસાયટીની બાજુમાં શ્રીજીનગરમાં મહિલાએ ઝેરી પાવડર પી લેતા તેણીનું સારવારમાં મોત નીપજતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો છે.

આ અંગેની માહિતી મુજબ ૧૫૦ રીંગ રોડ પર આવેલા ટેલિફોન એક્સચેન્જ પાસે શ્રીજીનગર શેરી નં.૧માં રહેતા દિશાબેન વિરલભાઈ બુસા (ઉ.વ.૩૬)નામની મહિલાએ ગઈ તા.૧૪/૭ ના રાત્રીના ૧૧ વાગ્યે પોતાના ઘરે હતી ત્યારે કોઈ કારણોસર કોઈ ઝેરી પાવડર પી લેતા તેણીને તાત્કાલીક સારવારમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ગઈકાલે તેણીનું ચાલુ સારવાર દરમિયાન હોસ્પિટલના બિંછાને મોત નીપજતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી ગયો હતો. બનાવ અંગેની જાણ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ જે.જે.મૈયડ સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરતા જાણવા મળ્યું હતું કે, દિશાબેનના લગ્ન ૧૬ વર્ષ પહેલા થયા હતા તેને સંતાનમાં બે પુત્રીઓ છે. અને તેઓ સાસુ-સસરાથી અલગ રહે છે. પોલીસે મહિલાને મોત અંગેનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી હતી.

જ્યારે એક બનાવમાં જંગલેશ્વર પાસે આવેલા રાધેકૃષ્ણનગરમાં રહેતા યોગેશભાઈ રમેશભાઈ ભાલાળા નામનો યુવાન ગઈકાલે કોઠારિયા રોડ પર સેલિબ્રેશન પાર્ટી પ્લોટ પાછળ શ્યામકિરણ સોસાયટીમાં પોતાની દુકાને હતો ત્યારે વીજ શોક લાગતા બેભાન થઈ જતા તાત્કાલીક સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા તબીબોએ મૃતક જાહેર કર્યો હતો. બનાવની જાણ આજી ડેમ પોલીસમાં કરવામાં આવતા હેડ કોન્સ્ટેબલ એચ.આર.સોલંકીએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# યુવતીની મજબુરીનો ફાયદો ઉઠાવી અડપલા કરનાર ટ્રાવેલ્સ સંચાલકની ધરપકડ

## બળજબરીથી દારૂ પીવડાવી અડપલા કર્યા; બનાવ છુપાવવા યુવતીનો પગાર ૯ હજાર માંથી ૧૩ હજાર કરી દીધો છતાં ભાંડો ફૂટ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાજ્ઞિક રોડ ઉપર ટ્રાવેલ્સની ઓફીસ ધરાવતા ૫૪ વર્ષના ઢગાએ ઓફિસમાં નોકરી કરતી યુવતીને તેના ફાર્મ હાઉસ તેમજ ગોવા લઈ જઈ શારિરીક અડપલા કરી છેડતી કરી હોવાની પ્ર.નગર પોલીસમાં ફરીયાદ નોંધાયા બાદ પોલીસે ગુના નોંધી ઢગાની ધરપકડ કરી તેનું મેડીકલ કરાવવા તજવીજ હાથ ધરી છે.

ભોગ બનનાર ૨૧ વર્ષીય યુવતીએ પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદમાં ડે.કે. ફોરેઝી નામની ટ્રાવેલ્સ કંપની ચલાવતા હિમાશું મનહરલાલ શાહ ઉવ ૫૪)નું નામ આપ્યું છે.ફરીયાદમાં જણાવ્યું હતું કે, યુવતી હિમાંશુની ટ્રાવેલ્સ કંપનીમાં મે ૨૦૨૩થી નોકરીએ રહ્યા બાદ પ્રથમ ટેલીકોલર તરીકે ત્યાં કામ કરતી હતી ત્યારે તેનો પગાર રૂ.૯ હજાર હતો બાદમાં કામથી ખુશ થઈ હિમાંશુએ પગાર વધારી રૂ. ૧૩ હજાર કરી દીધો હતો. ૫૪ વર્ષનો હિમાંશુ યુવતીને કારમાં રાજકોટથી મોરબી જતો ત્યારે બિભત્સ વાતો કરી અડપલા કરતો પરંતુ મજબુરીના કારણે મુંગા મોઢે સહન કરતી રહી હતી ૩૧ ઓકટોબર ૨૦૨૩ થી ૨૦ જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન યાજ્ઞિક રોડ પર આવેલ તેની ઓફીસે તેમજ તેના ફાર્મહાઉસે તેમજ ફલાઈટમાં ગોવા લઈ જઈ યુવતી સાથે શારિરીક અડપલા કર્યા હતા.

યુવતીની આર્થિક સ્થિતી નબળી હોવાના કારણે હિમાંશુએ તેને ફાયદો ઉઠાવી અવાર-નવાર પોતાની હવસ સંતોષવા અડપલા કર્યા હોવાની ફરીયાદ નોંધાવતા તેનું મેડીકલ કરાવવા તજવીજ હાથ ધરી છે.

# ખોડિયાર સોસાયટીમાં છુટાછેડા બાદ એસિડ પી લેનાર મહિલાનું સારવારમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના નંદાહોલ પાસે પિતાના ઘરે રહેતી મહિલાએ છૂટાછેડાના આઘાતમાં એસિડ ગટગટાવી લેતાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. અહી તેણીએ દમ તોડી દેતા પુત્રીએ માતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં ઘેરો શોક છવાયો હતો.

આ અંગેની માહિતી મુજબ નંદાહોલ પાછળ આવેલી જૂની ખોડીયાર સોસાયટી શેરી નંબર ૪ માં રહેતી રૂકસાનાબેન ઈકબાલભાઈ લીગડીયા (ઉં.વ.૩૦) નામની પરિણીતા ઘરે હતી



ત્યારે પરિવારની ગેરહાજરીમાં એસિડ પી લીધું હતું. તેણીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા અહી ટૂંકી સારવારમાં દરમીયાન જ તેણીએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસ મથકમાં જાણ કરતા હેડ કોન્સ્ટેબલ ડી.જી.રાજપરા સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી આવી જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, રૂકસાના બેનના એક વર્ષ પૂર્વ તેમના પતિ સોહિલ કપડવંજી સાથે મનમેળ ન થતાં છૂટાછેડા થયા હતા જે બાદ તે પુત્રી સાથે પિતાના ઘરે જ રહેતી હતી. પતિ સાથે છુટાછેડા થયાના આઘાતમાં આ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. મહિલાના મોતથી માસૂમ બાળકીએ માતાની છત્રછાયા ગુમાવતાં પરિવારમાં માતમ છવાયો હતો.

## રેલનગર રામેશ્વર પાર્કમાં પાડોસી મહિલા સહિત ત્રણનો માતા-પુત્ર પર હુમલો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના વિરભજન મેઈન રોડ પર આવેલ માધવ દર્શનની સામે રહેતા દુશ્યતભાઈ કેશુભાઈ દુધાત્રાએ પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, પોતે રેલનગર મેઈન રોડ પર આવેલ રામેશ્વર પાર્ક શેરી નં.૫માં રહેતા માતા કાંતાબેન કેશુભાઈ દુધાત્રાના ઘરે હતો ત્યારે પાડોસમાં રહેતા લતા નટુ ચૌહાણ, પરેશ નટુ ચૌહાણ, હર્ષ પરેશ ચૌહાણ સહિતના શખ્સોએ એસીની પાઈપ તેની માતાના મકાન પર લગાવી હોય જે પાઈપ કાઢી નાખવાનું કહેતા ઉશ્કેરાયેલા ઉપરોક્ત શખ્સોએ લાકડાના ધોકા અને લોખંડના પાઈપ વડે હુમલો કરી માતા-પુત્રને ઈજા કરી હોવાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ જે.જી.તેરૈયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# વંથલીના બટીયા ગામે પ્રેમી સાથે તકરાર થતા પ્રેમિકાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વંથલી તાલુકાના બટીયા ગામે રહેતી શ્રમિક યુવતીને પ્રેમી સાથે તકરાર થતા ઝેરી દવા પી જીવન ટૂંકાવી લીધું હતું. યુવતીના આપઘાતથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી.

આ અંગેની માહિતી મુજબ મૂળ દાહોદ પંથકના વતની અને હાલ વંથલી તાલુકાના બટીયા ગામે ખેત મજૂરી અર્થે આવેલા પરિવારની કૈલાશબેન ઓવનભાઈ ભુરીયા



નામની ૧૮ વર્ષની યુવતી ત્રણ દિવસ પૂર્વે પોતાના ઘરે હતી ત્યારે સાંજના સાડા સાતેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. યુવતીને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે જૂનાગઢ બાદ રાજકોટ સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં યુવતીનું મોત નીપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.


પ્રાથમિક પૂછપરછમાં કૈલાશબેન ભુરીયા ત્રણ ભાઈ છ બહેનમાં વચ્ચેટ હતી અને બટીયા ગામે જ મંદિરમાં કામ કરતા દાહોદ પંથકના અનિલ નામના યુવક સાથે આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો અને પ્રેમ સંબંધમાં બંને વચ્ચે તકરાર થતા કૈલાશબેન ભુરીયાને લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવા પી લેનાર યુવતીનું મામલતદાર ડી.ડી. નોંધી રહ્યા હતા ત્યારે યુવતીએ દમ તોડી દીધો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે વંથલી પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# દારૂનો ધંધો કરવાની ના પાડવાના મામલે માથાકુટ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુરના પડાણા વિસ્તારમાં ઘર અને દુકાન પાસે દારૂનો ધંધો કરવાની ના પાડવાના મુદ્દે ઉશ્કેરાયેલા આરોપીઓએ પાઇપ, લાકડી જેવા હથીયારો સાથે ઘસી જઇ બબાલ કરી હતી, યુવાન અને તેના પુત્રને માર મારી ધમકી દઇ જ્ઞાતી પ્રત્યે અપમાનીત કર્યાની મામલો મેઘપર પોલીસમાં પહોચ્યો હતો જયાં મહિલા સહિત સાત સામે પોલીસ ફરીયાદ નોંધાવવામાં આવી છે.

લાલપુર તાલુકાના પડાણા ગામ તલાવડી વિસ્તારમાં રહેતી હંસાબેન વાલજીભાઇ ઢચા (ઉ.વ.૨૫) એ ગઇકાલે મેઘપર પોલીસમાં પડાણા ગામમાં રહેતા આશાબેન ગઢવી, હદાભાઇ, નરેન્દ્રસિંહ ઉર્ફે નંદો, ઉમેદસિંહ ધીરુભા, વિજયસિંહ, વિજયસિંહનો મોટોભાઇ, હદાભાઇનો નાનો ભાઇ આ સાત વિરુધ્ધ બીએનએસ



કલમ ૧૧૫(૨), ૧૮૯(૨), ૧૮૯(૪), ૧૯૦, ૧૯૧(૨)(૩) વિગેરે તથા એટ્રોસીટીની કલમ મુજબ ફરીયાદ નોંધાવી હતી.આરોપીઓ પૈકી આશાબેન, હદાભાઇ તથા ઉમેદસિંહ ફરીયાદીના ઘર તથા દુકાન પાસે દારૂનો ધંધો કરતા હોય જેથી ફરીયાદીના પતિએ બે દિવસ પહેલા પોતાના ઘર અને દુકાન પાસે દાનો ધંધો ન કરવાનું કહેતા આ બાબતનો ખાર રાખી તા. ૧૫ના રોજ પડાણા, ખારી વિસ્તાર પાસે બે આરોપીઓએ ઝઘડો કરવા ફરીયાદીના ફળીયામાં પ્રવેશ કરીને માથાકુટ કરી હતી.

દરમ્યાન અન્ય બે આરોપીને ફોન કરીને બોલાવ્યા હતા અને પાઇપ, લાકડી વડે રહેણાંક મકને ઘસી આવી ફરીયાદીના પતિને આરોપીએ ગળુ પકડી તેમજ પાઇપ અને લાકડી વડે ત્યાં આવી ફરીયાદીના પતિને ઘેરી લઇ કાંઠલો પકડી ઝાપટો ઝીંકી દઇ ઢીકાપાટુનો માર માર્યો હતો.આ વેળાએ વચ્ચે પડેલા પુત્રને પણ માર માર્યો હતો અને આરોપીઓએ હુમલો કરી ધમકી આપી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરી આરોપીઓએ ગુનો કર્યો હતો, આ ફરીયાદના આધારે મેઘપર પડાણાના પીએસઆઇ બી.બી. કોડીયાતર દ્વારા તપાસ ચલાવવામાં આવી રહી છે.

# પ્રભુ હાઈટસમાં મહિલાને આપઘાતની ફરજ પાડનાર પતિ સામે ફરિયાદ

## મહિલાને ઈસ્ત્રી વડે માર મારતા લોહીલુહાણ હાલતમાં ચોથા માળેથી પડતુ મુકી આપઘાત કર્યો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બે દિવસ પૂર્વેના મહિલાના આપઘાતના બનાવમાં મરવા મજબુર કરવા અંગે ગુનો નોંધાયો છે જેમાં રાજસ્થાનના બીલડી ગામના પોઝાભાઈ રસીયાભાઈ ડામોર ઉ.૨૮એ તેની બહેન સોમીબેન ઉર્ફે સંગીતાબેનને મરવા મજબુર કરવા અંગે જવાલાપ્રસાદ ઉર્ફે બેબીપ્રસાદ પાસવાન સામે યુનીવર્સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની સગી નાની બહેનના લગ્ન એકાદ વર્ષ પહેલા વસોની ગામના રાજુભાઈ જોગીભાઈ નિહારતા સાથે થયા હતા લગ્ન બાદ બંને સુરત ખાતે રહેવા ગયા હતા પરંતુ અમારે બહેન સાથે કોઈ સંપર્ક હતો નથી દરમિયાન ગત ૧૫ તારીખે હું ઘરે હતો ત્યારે યુનીવર્સીટી પોલીસમાંથી ફોન આવેલ અને તમારી બહેન સંગીતા ૧૪ તારીખે રાત્રે એસઆરપી કેમ્પ સામે આવેલ પ્રભુ હાઈટ્સના ચોથા માળેથી પડી જતા ગંભીર ઈજા થતા મોત થયાનું જણાવતા હું કાકા સહિતના પરિવારજનો સાથે રાજકોટ આવ્યો હતો અને લાશ ઓળખી બતાવી હતી તેમજ ઘરે જતા ભોયતળીયે પણ લોહીના ડાઘા જોવા મળ્યા હતા ફ્લેટ નંબર ૪૦૫માં ચેક કરતા ત્યાં દીવાલમાં પણ લોહીના ડાઘા જોવા મળ્યા હતા જેથી પુછતાછ કરતા બહેન છેલ્લા પંદર દિવસથી જજવાલાપ્રસાદ સાથે પતિ- પત્ની તરીકે અહીં રહેતી હતી અને બનાવના દિવસે પતિએ ઈસ્ત્રીથી મારકૂટ કરી લોહીલુહાણ કરીનાખી હતી પાડોશીઓને પૂછતાં બંને વચ્ચે અવારનવાર ઝઘડો થતો હોવાનું તેમજ પતિ જયારે કામે જતો ત્યારે બહારથી દરવાજો બંધ કરીને જતો હોવાનું જાણવા મળ્યું હતું પતિના શારીરિક માનસિક ત્રાસથી કંટાળી બહેને ચોથા માળેથી કુદકો મારી આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળતા ફરિયાદ નોંધાવતા એસીપી રાધિકા ભારાઈ સહિતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# પી.ડી.એમ. કોલેજ પાસે રામનગરમાં પ્રૌઢનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પી.ડી. માલવીયા કોલેજ પાછળ આવેલા રામનગરમાં રહેતા પ્રોઢાનું હૃદયરોગના હુમલાથી મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ પી.ડી. માલવીયા કોલેજ પાછળ આવેલા રામનગરમાં રહેતા ખ્યાતિબેન હેમંતભાઈ ગોંધીયા નામના ૪૯ વર્ષના પ્રોઢા પોતાના ઘરે હતા. ત્યારે સવારના અગીયારેક વાગ્યાના અરસામાં ગભરામણ થયા બાદ ઉલટી થતા જ બેભાન હાલતમાં ઢળી હતા. પ્રોઢાને બેભાન હાલતમાં તલિક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી પ્રોઢાનું હૃદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.પ્રાથમિક પૂછપરછમાં મૃતક ખ્યાતિબેન ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતા હતા. અને તેમને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે માલવીયાનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ભાગીદાર રૂા.૧૬ લાખ લઈ ફરાર થઈ જતા યુવાને કર્યો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પેડક રોડ ઉપર આવેલી લાખેશ્વર સોસાયટીમાં રહેતા યુવાને બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં આવેલા કારખાનામાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરનાર યુવાને પૂર્વ ભાગીદાર રૂ.૧૬ લાખ લઈને ફરાર થઈ ગયા બાદ ઉઘરાણીથી કંટાળી આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

આ અંગેની માહિતી મુજબ પેડક રોડ ઉપર આવેલી લાખેશ્વર સોસાયટીમાં રહેતો તુષાર જેન્તીભાઈ સેખલીયા નામનો ૩૦ વર્ષનો યુવાન સાંજના સાતેક વાગ્યાના અરસામાં માંડા ડુંગર વિસ્તારમાં આવેલ બાલાજી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં શ્રીરામ ઈન્ડસ્ટ્રીઝ કારખાનામાં હતો ત્યારે ફિનાઈલ પી લેતા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં તુષાર શેખલીયા અગાવ ૮૦ ફુટ રોડ ઉપર ધર્મેશ કોળી સાથે ગોલ્ડ પ્લાન્ટના નામે ભાગીદારીમાં ધંધો શરૂ કર્યો હતો.બાદમાં ભાગીદાર ધર્મેશ કોળી ઉઘરાણીના રૂ.૧૬ લાખ લઈને ફરાર થઈ જતા તુષાર શેખલીયાએ ઉઘરાણીથી કંટાળી ફિનાઈલ પી લીધાનો આક્ષેપના પગલે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.